**<u>અખબારી યાદી</u>**

## મહેસૂલી તલાટીની પરીક્ષા ૧૬ ફેબ્રુઆરીએ લેવાશે

મહેસૂલ વિભાગની ભરતી સમિતિ ધ્વારા તલાટીની ૧૫૦૦ જગ્યાઓ ભરવા માટે અરજી પત્રકો મેળવવામાં આવ્યા છે અને ૮ લાખ ઉપરાંત જેટલી અરજીઓ મળેલ છે. આ અંગેની પરીક્ષા તા. ૧૬ ફેબ્રુઆરી-૨૦૧૪ ના રોજ સવારે ૧૨-૦૦ થી ૧-૦૦ દરમિયાન તમામ જિલ્લાના જિલ્લા મથકો અને નજીકના કેન્દ્રોમાં લેવાનાર છે. પરીક્ષા ૧૦૦ ગુણની હેતુલક્ષી પ્રશ્નોની રહેશે, જેમાંનીચે મુજબના વિષયોની લેખિત કસોટી લેવાશે.

| | | |
|---|---|---|
| ગુજરાતી ભાષા | - | ૨૦ ગુણ |
| ગુજરાતી વ્યાકરણ | - | ૧૫ ગુણ |
| અંકગણિત | - | ૧૫ ગુણ |
| અંગ્રેજી વ્યાકરણ | - | ૧૫ ગુણ |
| સામાન્ય જ્ઞાન અને બુધ્ધિ કૌશલ્ય | - | ૩૫ ગુણ |
| | | ----- |
| કુલ ગુણ | | ૧૦૦ ગુણ |

૨.મહેસુલી તલાટી તરીકે નોકરી અપાવાના વચનો આપીને કેટલાક તત્વો ઉમેદવારની મજબુરીનો લાભ ઉઠાવી તેઓને ખોટા વચનો આપી નાણાં પડાવી રહયા હોવાની ફરિયાદો મહેસૂલ વિભાગના ધ્યાને આવી છે. આ બાબત ખૂબ ગંભીર છે અને આવી ગેરકાનુની પ્રવૃત્તિઓથી બચવા દરેક

ઉમેદવારોનેરાજય સરકાર ચેતવે છે. મહેસૂલ વિભાગ આ પરીક્ષા સંપૂર્ણપણે પારદર્શક રીતે ગુણવત્તાના આધારે લેવાય તે માટે કટિબધ્ધ છેઅને તમામ કલેકટરશ્રીઓને પરીક્ષા સંપૂર્ણ પારદર્શક રીતે લેવાય તે માટે કડક હાથે કામ લેવા મહેસૂલ વિભાગે સૂચના આપેલ છે. આથી આવી કોઇ પણ પ્રવૃત્તિઓમાં ઉમેદવારો ન આવે અને જો કોઇ વ્યકિત પાસે આવી રીતે નાણાંનીમાંગણી કરવામાં આવે તો તુરત જ એન્ટીકરપ્શન બ્યુરોના ધ્યાને સત્વરે આ બાબત મૂકી પરીક્ષા પારદર્શક રીતે લેવાય તેમાં મદદરૂપ બને તેવી વિનંતી છે. **એ.સી.બી.ના ટોલ ફ્રી નંબર- ૧૮૦૦-૨૩૩-૪૪૪૪**પર પણ આ વિગતો જણાવવા વિનંતી છે.

સભ્ય સચિવ અને
સંયુકત સચિવ,
મહેસૂલ વિભાગ